JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા વદ બીજ મંગળવાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૮૬

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# રાહુલ ગાંધીના નિવેદનથી સંસદમાં રાજકીય તોફાન

**ભૂતપૂર્વ** લશ્કરી વડા નરવણેની હજી પ્રકાશિત નહીં થયેલ સંસ્મરણીકામાંના અવતરણો વિપક્ષી નેતાએ ટાંક્યા, આ પુસ્તકના અવતરણો ચીનની ઘૂસણખોરી અંગેના છે

**સ્પીકર** બિરલાએ રાહુલ ગાંધીને અટકાવ્યા, પણ રાહુલ બોલતા અટક્યા નહીં

**શાસક** સભ્યોએ રાહુલનો વિરોધ કર્યો, વિપક્ષે રાહુલને ટેકો આપ્યો, ભારે ધમાલ પછી ગૃહ મોકૂફ



### સરકારનો વળતો પ્રહાર

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે વિપક્ષના નેતા વારંવાર સ્પીકરના આદેશનું ઉલ્લંઘન કરી રહ્યા છે અને ભારત વિરોધી તત્વોની ભાષા બોલી રહ્યા છે.

### લોકસભામાં શું બન્યું?

જ્યારે ગાંધી રાષ્ટ્રપતિના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ પર બોલવા માટે ઊભા થયા, ત્યારે તેમણે કહ્યું કે તેઓ પહેલા ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યા દ્વારા રાષ્ટ્રવાદ અંગે કોંગ્રેસ પર લગાવવામાં આવેલા આરોપોનો જવાબ આપવા માંગશે. ત્યારબાદ તેમણે જનરલ(નિવૃત્ત) નરવણે ના સંસ્મરણો હોવાનું જણાવીને તેમાંથી 2020 ના ભારત-ચીન સંઘર્ષ વિશે ટાંકવાનું શરૂ કર્યું. જો કે, સંરક્ષણ મંત્રી સિંહ અને ગૃહમંત્રી અમિત શાહે આનો જોરદાર વિરોધ કર્યો હતો અને ગાંધીને સ્પષ્ટતા કરવા કહ્યું હતું કે પુસ્તક પ્રકાશિત થયું છે કે નહીં. આ હંગામો લગભગ 50 મિનિટ સુધી ચાલ્યો હતો. સ્પીકર ઓમ બિરલા વારંવાર કહેતા રહ્યા કે ગૃહની કાર્યવાહી સાથે સંબંધિત ન હોય તેવી બાબત પર કોઈ પુસ્તક કે અખબારના કટિંગને ટાંકી શકાય નહીં, જ્યારે ગાંધી જીદ કરી રહ્યા હતા કે દસ્તાવેજ પ્રમાણિત છે અને તેઓ તેમાંથી અવતરણ આપી શકે છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ગાંધી ચીન પર મનઘડત બાબતો વાંચી રહ્યા હતા. ગાંધીએ ...અનુસંધાન પાના 15 પર

**નવી દિલ્હી, તા. 2:** લોકસભામાં સોમવારે ત્યારે હોબાળો મચી ગયો જ્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ 2020ના ભારત-ચીન સંઘર્ષ અંગે પૂર્વ આર્મી ચીફ એમ. એમ. નરવણેની એક અપ્રકાશિત સંસ્મરણીકા ટાંકવાનો પ્રયાસ કર્યો. જો કે, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના અન્ય સભ્યોએ આનો સખત વિરોધ કર્યો હતો અને કોંગ્રેસ નેતા પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગાંધીને આ મુદ્દો ઉઠાવવાની મંજૂરી આપી ન હતી, પરંતુ તેઓ મક્કમ રહ્યા હતા અને વિરોધ પક્ષના અનેક નેતાઓ પણ તેમને ટેકો આપી રહ્યા હતા. સત્તાધારી અને વિરોધ પક્ષો વચ્ચે ઉગ્ર દલીલોને કારણે થયેલા હંગામા વચ્ચે ગૃહની કાર્યવાહી બે વાર સ્થગિત કરવામાં આવી હતી અને બાદમાં આખા દિવસ માટે મુલતવી રાખવામાં આવી હતી. લોકસભામાં શાસક અને વિપક્ષી બેન્ચો વચ્ચે ભારે તનાવ સર્જાયો હતો. ભાજપે જવાહરલાલા નેહરૂનો મુદ્દો ઉઠાવ્યો હતો કે ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા ચીન અંગે લેવામાં આવેલા નિર્ણયો પર પૂરતી સામગ્રી સાર્વજનિક ક્ષેત્રમાં ઉપલબ્ધ છે, અને આરોપ લગાવ્યો કે તેમણે માત્ર પોતાની રાજદ્વારી છબી ...અનુસંધાન પાના 15 પર



■ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં તાજા હિમવર્ષા બાદ બરફથી ઢંકાયેલા પહાડોની પૃષ્ઠભૂમિમાં 'કેદારનાથ ધામ'નો નયનરમ્ય નજારો જોવા મળી રહ્યો છે.

## દિલ્હી ડાયરી

### રાજકારણીઓની પુસ્તકપ્રીતિ

જ્યારે સમગ્ર વિશ્વ ક્ષીણ થતી જતી વાંચનની ટેવો વિશે ચિંતિત છે, ત્યારે રાજકારણીઓ કદાચ એવો છેલ્લો સમૂહ છે જેમની પાસેથી પુસ્તકો વાંચવામાં વ્યાપક રસની અપેક્ષા રાખી શકાય. જોકે, આ બાબત એ હકીકત હોવા છતાં તેમની વચ્ચે શશી થરૂર અને મનીષ તિવારી (કોંગ્રેસ સાંસદ), ડેરેક ઓ'બ્રાયન (તૃણમૂલ કોંગ્રેસ સાંસદ) અને અન્ય કેટલાક ફળદ્રુપ લેખકો અને વાચકો મોજુદ છે. વાંચનની આ ઝડપથી અદૃશ્ય થતી આદતની વચ્ચે કેરળ વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી.ડી. સતીશને વર્ષ ૨૦૨૫માં તેમણે વાંચેલાં પુસ્તકોની યાદી જાહેર કરી છે. વાંચન સંસ્કૃતિનો પ્રચાર કરવાની સાથેસાથે લોકો પ્રત્યે પોતાની જવાબદેહી વ્યક્ત કરવાની આ એક નવીન રીત છે. સતીશનની ૬૦ પુસ્તકોની યાદીમાં–જેમાં અંગ્રેજી અને તેમની માતૃભાષા મલયાલમ બંનેનો સમાવેશ થાય છે– અરુંધતી રોયનું 'મધર મેરી કમ્સ ટુ મી', અમિતાભ ઘોષનું 'ધ નટમેગ્સ કર્સ', અને રોડ્રિગો ગાર્સિયાનું 'એ ફેરવેલ ટુ ગાબો એન્ડ મર્સિડીઝ: એ સન્સ મેમોઇર ઓફ ગેબ્રિયલ ગાર્સિયા માર્ક્વેઝ એન્ડ મર્સિડીઝ બાર્ચા' જેવાં પુસ્તકો સામેલ છે. સતીશને જણાવ્યું હતું કે, અન્ય એક પુસ્તક (લીસા મોસ્કોનીનું 'ધ મેનોપોઝ બ્રેઈન') વાંચ્યા પછી પત્ની સહિત અન્ય મહિલાઓ પ્રત્યેના તેમના અભિગમમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. વિધાનસભાના એક ચૂંટાયેલા સભ્યએ વિતેલા વર્ષમાં ૬૦ પુસ્તકો વાંચવા માટે સમય કાઢ્યો તે ખરેખર પ્રશંસનીય છે. ...અનુસંધાન પાના 15 પર

### તા. ૦૨-૦૨-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૪° સે. | ૨૦.૪° સે. | ૫૭% |

# ચાંદીમાં ત્રણ દિવસમાં રૂપિયા 1.44 લાખનું જંગી ધોવાણ

**સોનું તૂટીને** રૂ. 1.52 લાખ પર પહોંચ્યું, સોના-ચાંદીના ભાવોમાં ઘટાડાની અસર દુનિયાભરના શેરબજારો પર દેખાઇ



### MCX પર સોના-ચાંદીમાં લોઅર સર્કીટ લાગી

મુંબઇ, તા. ૨: સોમવારે સોનાના ભાવમાં કડાકો ચાલુ રહ્યો હતો, MCX પર સોનાના ભાવ 6% ઘટીને લોઅર સર્કિટને સ્પર્શ્યા હતા, જે પ્રતિ 10 ગ્રામ આશરે 9,700 નો ઘટાડો દર્શાવે છે. સોમવારે ચાંદીમાં MCX પર ભાવ ૧૨% ઘટીને લોઅર સર્કિટને સ્પર્શ્યા હતા. ચાંદીના ભાવમાં પ્રતિ કિલો અંદાજે ૩૨,૦૦૦/- નો તોતિંગ ઘટાડો નોંધાયો છે.

### પ્લેટિનમના ભાવમાં પણ કડાકો

સોના અને ચાંદી ઉપરાંત, પ્લેટિનમના ભાવમાં પણ નોંધપાત્ર દબાણ જોવા મળ્યું હતું, જેમાં આજના સત્રમાં સ્પોટ પ્લેટિનમ વધુ 14% ઘટીને પ્રતિ ટ્રોય ઔંસ 1,858 ડોલરના નીચલા સ્તરે પહોંચ્યું હતું, જે સતત ત્રીજા દિવસે તેનો ઘટાડો દર્શાવે છે. આજના નીચલા સ્તરને ધ્યાનમાં લેતા, આ ધાતુએ ત્રણ દિવસમાં તેની કિંમતમાં કુલ 30.2% ગુમાવ્યા છે અને તે તેના તાજેતરના 2,885 ડોલરના સર્વોચ્ચ સ્તરથી લગભગ 1,027 ડોલર અથવા 35.6% જેટલું નીચે છે. પેલેડિયમમાં પણ તેના તાજેતરના રેકોર્ડ હાઇથી લગભગ 31%નો ...અનુસંધાન પાના 15 પર

**નવી દિલ્હી, તા. 2 :** રાષ્ટ્રીય રાજધાનીમાં સોમવારે ચાંદીના ભાવમાં સતત ત્રીજા દિવસે મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવમાં રૂ. ૫૨,૦૦૦નો જંગી ઘટાડો થતા તે પ્રતિ કિલો રૂ. ૨.૬૦ લાખ પર પહોંચી ગઈ હતી, જ્યારે નબળા વૈશ્વિક વલણો અને મજબૂત ડોલર વચ્ચે સોનું ઘટીને પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૧.૫૨ લાખ થયું હતું.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવમાં રૂ. ૫૨,૦૦૦ અથવા લગભગ ૧૭ ટકાનો કડાકો બોલાતા તે રૂ. ૨,૬૦,૦૦૦ પ્રતિ કિલોગ્રામ (તમામ ટેક્સ સહિત) પર પહોંચી ગઈ હતી. અગાઉ શનિવારે આ ધાતુ ૧૯ ટકા અથવા રૂ. ૭૨,૫૦૦ ઘટીને રૂ. ૩.૧૨ લાખ પ્રતિ કિલોગ્રામ પર રહી હતી. છેલ્લા ત્રણ સત્રોમાં, ચાંદીના ભાવમાં તેની ૨૯ જાન્યુઆરીની રૂ. ૪,૦૪,૫૦૦ની સર્વોચ્ચ સપાટીથી રૂ. ૧,૪૪,૫૦૦ અથવા લગભગ ૩૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. ચાંદીના ભાવમાં ત્રણ દિવસમાં રૂ. ૧.૨૦ લાખનો ઘટાડો થયો છે. ...અનુસંધાન પાના 15 પર

# બલુચિસ્તાનમાં મહિલા આત્મઘાતી હુમલાખોરો મેદાને

**વીડિયોમાં** આ મહિલા પાકિસ્તાની સૈનિકો પર અંધાધૂંધ ગોળીબાર કરતી જોવા મળે છે




**નવી દિલ્હી, તા. 2:** બલૂચિસ્તાન લિબરેશન આર્મીએ (બીએલએ) પાકિસ્તાનમાં તાજેતરમાં કરેલા ભયાનક હુમલાઓમાં મહિલાઓનો 'ફિદાયીન' હુમલાખોરો તરીકે ઉપયોગ કર્યો છે. અમેરિકા દ્વારા આતંકવાદી સંગઠન જાહેર કરાયેલા આ પ્રતિબંધિત જૂથ દ્વારા અત્યાર સુધી આવી બે મહિલાઓના ફોટા જાહેર કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર આમાંથી એક મહિલાનો વીડિયો વાયરલ થયો છે, જેમાં તે પાકિસ્તાની સુરક્ષા દળોની ઈમારત પાસે વ્યૂહાત્મક રીતે આગળ વધીને સૈનિકો પર અંધાધૂંધ ગોળીબાર કરતી જોવા મળે છે.

વીડિયોમાં આ મહિલા હાથમાં મોટી બંદૂક લઈને તેના પુરૂષ સાથીદારો સાથે હસતી અને પાકિસ્તાની સરકારની મજાક ઉડાવતી દેખાય છે. તે દાવો કરે છે કે પાકિસ્તાની સેના આ આતંકવાદી જૂથનો સામનો કરવા સક્ષમ નથી. વીડિયોમાં તે હસતા મુખે હિંસાના માર્ગને યોગ્ય ઠેરવતા કહે છે કે, 'પાકિસ્તાન ડરના કારણે આગળ નથી આવી રહ્યું. આજે તમારો સામનો બલૂચ મહિલા સ્વાતંત્ર્ય સેનાનીઓ સાથે થશે અને તમને ખબર પડશે કે બલૂચ મહિલાનો સામનો કરવો કેટલો મુશ્કેલ છે.'

તે બલૂચ રાષ્ટ્રને જાગૃત થવા અને 'બલૂચ લડવૈયાઓ સાથે ખભેખભો મિલાવી ઊભા રહેવા આહ્વાન કરે છે. તેના મતે દુશ્મન સાથે હવે કોઈ સમજૂતીની શક્યતા નથી અને તેમના દિવસો હવે ગણ્યાગાંઠ્યા છે.

નોંધનીય છે કે, બીએલએએ શુક્રવારથી શનિવાર દરમિયાન પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં અનેક શહેરોમાં સંકલિત અને ઘાતક હુમલાઓની જવાબદારી સ્વીકારી હતી. આ હુમલાઓમાં 17 સુરક્ષાકર્મીઓ સહિત ઓછામાં ઓછા 50 લોકોનાં મોત થયાં છે. તેના જવાબમાં પાકિસ્તાની સુરક્ષા દળોએ 40 કલાક લાંબું ઓપરેશન ચલાવ્યું ...અનુસંધાન પાના 15 પર

### દિલ્હીમાં હાઈવોલ્ટેજ ડ્રામા: વિરોધમાં કાળી શાલ ઓઢી

# મમતા બેનર્જીએ મુખ્ય ચૂંટણી કમિશનર સાથેની બેઠક અધવચ્ચે છોડી

**બેઠક** અધવચ્ચેથી છોડીને કમિશનરને અહંકારી ગણાવ્યા અને પંચને ભાજપના દલાલ કહ્યું

**મમતા** એસઆઈઆરથી પ્રભાવિત પરિવારોના સભ્યો સાથે કમિશનરની ઓફીસે ગયા હતાં




**નવી દિલ્હી, તા. 2 (PTI).** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સાથેની બેઠક અધવચ્ચેથી છોડી દઈને સનસનાટી મચાવી દીધી હતી. વિરોધના પ્રતીક રૂપે કાળી શાલ ઓઢીને પહોંચેલા બેનર્જીએ ચૂંટણી પંચ પર 'અહંકારી' હોવાનો અને પ્રતિનિધિ મંડળનું 'અપમાન' કરવાના આરોપ લગાવ્યા હતા. તેમની સાથે અભિષેક બેનર્જી, કલ્યાણ બેનર્જી અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) ...અનુસંધાન પાના 15 પર

# એર ઈન્ડિયાની ફ્લાઈટમાં 'અમદાવાદ ક્રેશ' જેવી જ ખામી: ડ્રીમલાઈનર વિમાન ગ્રાઉન્ડેડ

**ફ્યુઅલ કંટ્રોલ** સ્વીચ 'રન' પોઝિશનમાં રહેવાને બદલે બે વાર આપોઆપ 'કટઓફ' મોડ પર આવી ગઈ હતી




**નવી દિલ્હી, તા. 2 (PTI):** લંડનના હીથ્રો એરપોર્ટથી બેંગલુરુ આવેલી એર ઈન્ડિયાની બોઈંગ 787 ડ્રીમલાઈનર ફ્લાઈટની (એઆઈ 132) ફ્યુઅલ કંટ્રોલ સ્વીચમાં ગંભીર ખામી સર્જાતા આ વિમાનને ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, એન્જિન સ્ટાર્ટઅપ દરમિયાન ડાબી બાજુની ફ્યુઅલ કંટ્રોલ સ્વીચ 'રન' પોઝિશનમાં રહેવાને બદલે બે વાર આપોઆપ 'કટઓફ' મોડ પર આવી ગઈ હતી.

નિષ્ણાતો મુજબ આ એક ખામી છે જેના કારણે ચોક્કસ પરિસ્થિતિઓમાં, ફ્લાઈટમાં અજાણતા એન્જિન બંધ થઈ શકે છે.

પાયલોટ દ્વારા આ ખામીની જાણ કરાયા બાદ તકેદારીના ભાગરૂપે વિમાનને સેવામાંથી હટાવી દેવાયું છે અને મૂળ ઉત્પાદક (ઓઈએમ) ને તપાસમાં સામેલ કરવામાં આવ્યા છે. આ મામલે નાગરિક ઉડ્ડયન નિયામક ડીજીસીએને પણ જાણ કરવામાં આવી છે.

'રન' અને 'કટ ઓફ' એન્જિનને ક્રમશઃ શરૂ અથવા બંધ કરવા માટે કરાય છે. જોકે એ જાણવા નથી મળ્યું કે ફ્લાઈટના કયા તબક્કામાં પાયલટ સ્વીચની ખામીની નોંધ લીધી હતી.

આ ઘટના ખાસ એટલા માટે ચિંતાજનક છે કારણ કે જુલાઈ 2025માં અમદાવાદમાં થયેલા એર ઈન્ડિયા ડ્રીમલાઈનર ક્રેશમાં પણ આવી જ ખામી સામે આવી હતી, જેમાં 260 લોકોનાં મોત થયાં હતાં. તે અકસ્માતના પ્રાથમિક રિપોર્ટમાં ખુલાસો થયો હતો કે ટેકઓફની થોડી સેકન્ડો બાદ બંને એન્જિનની ફ્યુઅલ સ્વીચો એક પછી એક 'રન'માંથી 'કટઓફ' થઈ ગઈ હતી, જેના કારણે એન્જિનનો પાવર જતો રહ્યો હતો. કોકપિટ વોઈસ રેકોર્ડરમાં એક પાયલોટ બીજાને પૂછતો સંભળાયો હતો કે તેણે ઈંધણ કેમ બંધ કર્યું, જેના જવાબમાં બીજા પાયલોટે પોતે આવું ન કર્યું હોવાનું જણાવ્યું હતું.

ઉડ્ડયન નિષ્ણાતોના મતે આ સ્વીચો સ્પ્રિંગ-લોડેડ હોય છે અને પાયલોટ તેને ભૂલથી ફેરવી શકતા નથી, કારણ કે તેને બદલવા માટે પહેલા ઉપર ખેંચવી પડે છે. પણ જો ...અનુસંધાન પાના 15 પર